# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 18-09-2024 Evening : 7.50 to 8.00

Day : Wednesday National News

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

- એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે રચાયેલી સમિતિની ભલામણોને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી
- ચંદ્રયાન-ફોર મિશન અને શુક્ર ગ્રહનાં વાતાવરણ પર સંશોધન કરવા વીનસ ઓર્બિટર મિશનને મંજૂરી
- 2024-25ની રવી મોસમ માટે ફોસ્ફેટ અને પોટાશયુક્ત ખાતર પર પોષક તત્વો આધારિત સબસિડી આપવામાં આવશે
- આદિવાસીઓની બહુમતી ધરાવતા ગામોમાં સુવિધાઓ માટે 79 હજાર કરોડ રૂપિયાની પ્રધાનમંત્રી જનજાતિય ઉન્નત ગ્રામ અભિયાન યોજના મંજૂર
- જમ્મુ કાશ્મીર વિધાનસભાના પ્રથમ તબક્કાની ચૂંટણીમાં આશરે 59 ટકા મતદાન
- આવતી કાલે ચેન્નાઇમાં ભારત અને બાંગલાદેશ વચ્ચે શ્રેણીની પ્રથમ ટેસ્ટનો પ્રારંભ થશે

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## CABINET-DECISIONS FOR NATIONAL

કેન્દ્ર સરકારે દેશભરમાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણી એક સાથે યોજવાની શક્યતા ચકાસવા માટે રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણોને મંજૂરી આપી છે. કેન્દ્રિય મંત્રીમંડળની બેઠક બાદ આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ભૂતપુર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનાં અધ્યક્ષપદે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ રાજકીય પક્ષો અને નિષ્ણાતો સાથે આ અંગે સઘન ચર્ચા કરી હતી.

આ અંગે શ્રી વૈષ્ણવે વધુ માહિતી આપીઃ

(Byte: Ashwini Vaishanv- One Nation )

આ ઉપરાંત મંત્રીમંડળે અન્ય મહત્વનાં નિર્ણયો પણ લીધા છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે સરકારે ચંદ્રયાન-ફોર મિશન અને વિનસ ઓર્બિટર મિશનને મંજૂરી આપી છે. ચંદ્ર પર સફળ લેન્ડિંગ બાદ પૃથ્વી પર પાછા આવવાની ટેકનોલોજી વિક્સાવવા ચંદ્ર મિશનને મંજૂરી આપવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, શુક્ર ગ્રહનાં વાતાવરણની વધુ માહિતી મેળવવા માટે વીનસ ઓર્બિટર મિશનને મંજૂરી આપવામાં આવી છે. આ મિશન માર્ચ, 2028માં શરૂ થવાની ધારણા છે અને તેના માટે એક હજાર 236 કરોડ રૂપિયાનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે, જેમાંથી 824 કરોડ રૂપિયા અવકાશ યાન પર ખર્ચવામાં આવશે.

સરકારે 2024-25ની રવી મોસમ માટે ફોસ્ફેટ અને પોટાશયુક્ત ખાતર પર પોષક તત્વો આધારિત સબસિડી દરોને પણ મંજૂરી આપી છે. આનાથી ખેડૂતોને ઓછા અને વાજબી ભાવે ખાતર મળશે.

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, સરકારે ખેડૂતોને તેમની ઉપજનાં લાભદાયી ભાવ પૂરાં પાડવા અને આવશ્યક ગ્રાહક ચીજોનાં ભાવમાં વધઘટ પર અંકુશ લાવવા

પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ આભિયાન-PM-AASHAને ચાલુ રાખવાની પણ મંજૂરી આપી છે. આ યોજના પાછળ 35 હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રીમંડળે 79 હજાર 156 કરોડ રૂપિયાનાં કુલ ખર્ચની પ્રધાનમંત્રી જનજાતિય ઉન્નત ગ્રામ અભિયાન યોજનાને પણ મંજૂરી આપી છે. આ યોજના હેઠળ આશરે 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આદિવાસીઓની બહુમતી ધરાવતા દેશનાં 63 હજાર ગામોને આવરી લેવામાં આવશે, જેનો લાભ પાંચ કરોડ આદિવાસીઓને થશે.

આ યોજના અંગે શ્રી વૈષ્ણવે વધુ વિગતો આપીઃ

(Byte: Ashwini Vaishanv- Tribe )

શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, મંત્રીમંડળે વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ અને એક્સ્ટેન્ડેડ રિયલ્ટી માટેનાં નેશનલ સેન્ટર ઓફ એક્સલન્સ સ્થાપવાને મંજૂરી આપી છે. આ ઉપરાંત બાયોટેકનોલોજી રિસર્ચ ઇનોવેશન એન્ડ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સ્કીમને પણ મંજૂરી આપવામાં આવી છે. યુનિફાઇડ સ્કીમ બાયો-રાઇડનાં અમલીકરણ પાછળ અંદાજે નવ હજાર 197 કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## J&K: VOTING

જમ્મુ કાશ્મીરમાં પ્રથમ તબક્કાની વિધાનસભા ચૂંટણીમાં આજે 58.85 ટકા મતદાન નોંધાયું હતું. આકાશવાણીનાં જમ્મુના પ્રતિનિધી જણાવે છે કે, કડક સલામતી બંદોબસ્ત વચ્ચે આજે સવારે સાત વાગ્યે 24 બેઠકો માટે મતદાન શરૂ થયું હતું. જમ્મુ ડિવિઝનમાં આઠ અને કાશ્મીર ખીણમાં 16 બેઠકો માટે મતદાન યોજાયું હતું.

કાશ્મીર ખીણમાં સૌથી વધુ 68 ટકા મતદાન પહલગાંવ મતવિસ્તારમાં નોંધાયું હતું, જ્યારે સૌથી ઓછું 41 ટકા મતદાન ત્રાલ બેઠક પર નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ, 2019માં 370મી કલમ નાબૂદ થયા બાદ રાજ્યમાં પ્રથમ વાર વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે. પ્રથમ તબક્કામાં 90 અપક્ષ સહિત 219 ઉમેદવારો મેદાનમા હતા. બીજા તબક્કાનું મતદાન 25 સપ્ટેમ્બર અને ત્રીજા તબક્કાનું મતદાન 1 ઓક્ટોબરે થશે. જ્યારે 8મી ઓક્ટોબરે મતગણતરી હાથ ધરવામાં આવશે.

દરમિયાન, કોંગ્રેસે આજે હરિયાણા વિધાનસભાની ચૂંટણી માટે ઢંઢેરો બહાર પાડ્યો હતો. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, જો કોંગ્રેસ રાજ્યમાં સત્તા પર આવશે તો 500 રૂપિયામાં એલપીજી ગેસ સિલિન્ડર, વિધવા, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગોને દર મહિને છ હજાર રૂપિયાનું પેન્શન આપશે. તેમણે ગરીબ પરિવારોને સાડા ત્રણ લાખ રૂપિયામાં 100 વારનો પ્લોટ અને બે રૂમનું મકાન આપવાનું પણ વચન આપ્યું હતું.

## FIR CRIMINAL LAWS

નવા કાયદા ભારતીય ન્યાય સંહિતા  અતંર્ગત અત્યાર સુધી કુલ પાંચ લાખ 56 હજાર એફઆઇઆર નોંધાઈ છે, ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ એફઆઇઆર 1 જુલાઇથી 3 સપ્ટેમ્બર દરમિયાન નોંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે 1 જુલાઇ, 2024થી ત્રણ નવા કાયદા- ભારતીય ન્યાયસંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ અમલી બન્યા છે.
આ કાયદાઓ અંગે નિયમિત તાલીમ અને વેબિનાર દ્વારા આઠ લાખથી વધુ અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે.  વપરાશકારને નવા ગુનાઇત કાયદાની માહિતી મળે તે માટે મોબાઇલ અને વેબ એપ્લિકેશન 'NCRB SANKALAN of Criminal Laws- તૈયાર કરવામાં આવી છે.

## CBSE REGISTRATION

2025ની બોર્ડની પરિક્ષામાં ધોરણ નવ અને 11નાં વિદ્યાર્થીઓ માટેની નોંધણી આજથી શરૂ થઈ ગઈ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન- CBSEનાં જાહેરનામા પ્રમાણે નોંધણી ફોર્મ રજૂ કરવાની અંતિમ તારીખ 16 ઓક્ટોબર છે. CBSE સંલગ્ન શાળાઓએ cbse.gov.in પર પોતાનાં વિદ્યાર્થીઓની નોંધણી કરાવવાની રહેશે. બોર્ડે જણાવ્યું છે કે, શાળાઓ દ્વારા જે વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયું હશે તેમને જ 2025-26નાં શૈક્ષણિક સત્રમાં ધોરણ 10 અને 12ની બોર્ડ પરિક્ષામાં બેસવા દેવાશે. શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓની વિગતો રજૂ કરતાં પહેલાં પોર્ટલ પર પોતાની નોંધણી કરાવવી પડશે.

## JAIPUR- PRESIDENT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે સંશોધન અને વિકાસના ક્ષેત્રમાં મહિલાઓની વધુ ભાગીદારી દેશના સાંસ્કૃતિક અને આર્થિક વિકાસ માટે જ નહીં, પરંતુ મહિલાઓના જીવનની ગુણવત્તા સુધારવા માટે પણ જરૂરી છે. શ્રીમતી મુર્મુ આજે બપોરે માલવિયા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી – MNIT જયપુર ખાતે 18મા દીક્ષાંત સમારોહને સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, જો મહિલાઓને સમાન તકો આપવામાં આવે તો તેઓ મોટી સફળતાઓ હાંસલ કરી શકે તેમ છે.

તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્રનાં વિકાસ પ્રત્યેની ફરજ અદા કરવા અને પોતાનાં જ્ઞાન તથા મક્કમ નિર્ધાર દ્વારા દેશનું ભાવિ ઘડવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ કિશનરાવ બાગડે અને મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પણ સંબોધન કર્યું હતું.

## CRICKET

**આવતી કાલે ચેન્નાઇના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રોહિત શર્માનાં કેપ્ટનશીપ હેઠળની ભારતીય ક્રિકેટ ટીમ બાંગલાદેશ સામે શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ**

**રમશે. જાન્યુઆરીમાં ઇંગ્લેન્ડને 4-1થી હરાવ્યાનાં છ મહિના બાદ ભારત લાલ બોલ સાથે ફરી એક વાર મેદાનમાં ઉતરશે, જ્યારે પાકિસ્તાનને ટેસ્ટ શ્રેણીમાં 2-શૂન્યથી હરાવીને બાંગલાદેશ વધુ આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે.**

**વિરાટ કોહલી, રિષભ પંત અને કે એલ રાહુલ લાંબા વિરામ બાદ ભારતીય ટેસ્ટ ટીમમાં પુનરાગમન કરી રહ્યા છે. મેચ સવારે સાડા નવ કલાકે શરૂ થશે.**

## BADMINTON CHINA OPEN

ચાઇના ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સનાં પ્રથમ તબક્કામાં ભારતીય શટલર માલવિકા બંસોડે આજે પેરિસ ઓલિમ્પિક્સમાં કાંસ્યચંદ્રક વિજેતા ગ્રેગોરિયા તુનજુંગને હરાવી દીધી છે. માલવિકાએ પાંચમો ક્રમાંક ધરાવતી ઇન્ડોનેશિયન ખેલાડીને બે સીધા સેટમાં પરાજય આપ્યો હતો. અન્ય ભારતીય ખેલાડીઓમાં આકર્ષી કશ્યપ ચીન તાઇપેની ચિઉ પિન-ચિયાન સામે અને સામિયા ઇમાદ ફારૂકી સ્કોટલેન્ડની કિસ્ટી ગિલ્મર સામે પ્રથમ જ તબક્કામાં હારી ગઈ હતી.

ડબલ્સમાં ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી તથા મિકસ્ડ ડબલ્સમાં એન સિક્કી રેડ્ડી અને બી સુમિથ રેડ્ડીનો પરાજય થયો હતો.